ચડ્ડી-બનિયાનધારી ગેંગ સી.સી.ટીવી કેમેરામાં કેદ

૧૦ દિવસ, પરિણામ શૂન્ય : બાયડના બે મકાનની ૪.૪૫ લાખની તસ્કરીનો ભેદ ઉકેલવામાં પોલીસ "ફેઈલ"

ડૉગ સ્કવોર્ડ, એફ.એસ.એલ. અને સી.સી.ટીવી કેમેરાના દ્રશ્યો જોતાં એકપણ સુરાગ મળ્યો નથી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૬

બાયડની ઉંઘતી પોલીસનો ચડ્ડી-બનિયાનધારી ગેંગે ફાયદો ઉઠાવી સિવાલિક ગ્રીન્સ અને

દેવભૂમિ રેસીડેન્સીના બે મકાનમાંથી રૂા.૪,૪૫,૦૦૦ના સોના-ચાંદીનાં ઘરેણાં અને રોકડ રકમની તસ્કરી કરી ગેંગ ફરાર થઈ ગઈ. ૪ થી ૫ ચડ્ડી-બનિયાનધારી ઘનશ્યામનગર સોસાયટીના ખાનગી કેમેરામાં કેદ છે પરંતુ લાખોની તસ્કરીમાં સપ્તાહ પછી પણ બાયડ પોલીસ ગુનાનો ભેદ ઉકેલવામાં તમામ મોરચે ફેઈલ થઈ છે. ડૉગ સ્કવોર્ડ, એફ.એસ.એલ. અને સી.સી.ટીવી કેમેરાના દ્રશ્યો છતાં પણ એકપણ સુરાગ મળ્યો નથી. લાગે છે કે પોલીસ કરતાં પણ ધાડ પાડનારી ગેંગ વધી ચકોર સાબિત થઈ છે.

બાયડના મોટાભાગના વિસ્તારોમાં દારૂની હાટડીઓ ધમધમી રહી છે. બુટલેગરો બેખોફ બની એકબીજા ઉપર હુમલા કરે છે અને પોલીસ તેમને છાવરતી હોવાથી જિલ્લા પોલીસ વડા સુધી ગંભીર ફરિયાદ કરવામાં આવી છે. દારૂનું વેચાણ વધે એટલે બાયડમાં તસ્કરી સહિતના ગુનાઓનું પ્રમાણ ઉંચકાય છે.

ગત તા.૬ જૂનના રોજ બાયડની ૫ સોસાયટીઓમાં ચડ્ડી-બનિયાનધારી ગેંગે રીતસરનો આતંક મચાવી એક પછી એક ૪ મકાનોમાં ઘૂસ્યા હતા અને પોલીસના ડર વગર લાખો રૂપિયાની મત્તા ઉસેડીને નાસી છૂટ્યા. પોલીસ આવી ત્યારે ઘણું મોંડુ થઈ ગયું હતું. પોલીસ માટે હવે એકમાત્ર ડૉગ સ્કવોર્ડ અને એફ.એસ.એલ. ગુનાનો ભેદ ઉકેલી આપે તો આબરૂ જળવાય તેવી સ્થિતિ હતી. તેમાં પણ નિષ્ફળતા મળી. મોંડે..મોંડે ઘનશ્યામનગર સોસાયટીના

બંગલા નં.૯ ના ખાનગી કેમેરામાં દોડતા ચડ્ડી-બનિયાનધારી ગેંગના ૪ જેટલા સાગરીતો જોવા મળ્યા અને ત્યાર પછી પોલીસનું વાહન પણ દેખાયું તે પૂર્વે દોડેલાં બે ખાનગી વાહનો સંદિગ્ધ મનાય છે.

ચડ્ડી-બનિયાનધારી ગેંગ ધાડને અંજામ આપી ખાનગી વાહનમાં પલાયન થઈ ગયાની મજબૂત આશંકા છે પરંતુ બાયડ પોલીસને તસ્કરીના સપ્તાહ પછી પણ ચડ્ડી-બનિયાનધારી ગેંગની એકપણ કડી મળી નથી.

અસહ્ય ગરમી-બફારો : સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની પ્રજામાં ચામડીના રોગમાં ઉછાળો

ધાધર, અળાઈઓ સહિત અન્ય ચર્મ રોગ વકર્યો, ચામડીના ડૉક્ટરોને તડાકો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૬

અસહ્ય ગરમી-બફારાથી પ્રજા ત્રાસદાયક સ્થિતિમાં આવી ગઈ છે. વિજ તંત્રએ પણ ગ્રહણ સમયે સાપ નિકાળ્યો હોય તે રીતે મેન્ટેનન્સના કામ હાથ ઉપર લેતાં અનેક વિસ્તારોમાં વીજળી કાપ આવ્યો જેના કારણે પ્રજા વધુ અકળાઈ છે. અસહ્ય બફારો અને ગરમીના કારણે ચામડીના રોગમાં ઉછાળો આવ્યો છે. ધાધર, અળાઈઓ સહિત અન્ય ચર્મ રોગ

વકરતાં કોરોનાના કપરા કાળમાં માંડ દર્દી મળતા હતા તેવા ચામડી રોગ નિષ્ણાત ડૉક્ટરોને છેલ્લા એક સપ્તાહથી તડાકો પડ્યો છે.

ખોરાકમાં અશુદ્ધિઓનું પ્રમાણ વધ્યા પછી અનેક પ્રકારની બિમારીઓ જોવા મળે છે. ખાસ કરીને આકરા ઉનાળામાં ચર્મરોગ સૌથી વધુ વકરતો હોય છે કારણ કે અનેક ગરીબ પરિવારો એકનાં એક કપડાં વારંવાર પહેરે, સવાર-સાંજ સ્નાન ન કરે તેવા સંજોગોમાં ચામડીના રોગમાં વધારો થતો હોય છે. સતત વધી રહેલા ગરમી અને હવામાં ભેજનું પ્રમાણ વધતાં બફારાએ જિલ્લાની ૨૬ લાખની માનવ વસતીને ત્રાસદાયક સ્થિતિમાં લાવી દીધી છે. દેશના અનેક વિસ્તારોમાં ચોમાસાની રફતાર ધીમી પડતાં ખાસ કરીને ઉત્તરના રાજ્યોમાં ચોમાસુ વિલંબમાં પડે તેવી દહેશતથી ખેડૂતો ચિંતિત છે.

ગુજરાતમાં સમયસર ૨૦ જૂનથી ચોમાસુ શરૂ થવાના અણસાર વચ્ચે ગરમીનો પારો સતત ઉંચકાયો. જ્યારે બફારો પણ વધી જતાં ઠંડક આપતા ઉપકરણોમાં પણ પ્રજાને ઠંડક મળતી નથી. સવાર-સાંજ પસીને રેબઝેબ રહે છે અને રાત્રે માંડ રાહત અનુભે છે પરંતુ રાત્રે એકાએક પવનની ગતિ મંદ પડે એટલે ફરીથી અસહ્ય બફારો અનુભવાય છે અને શરૂ થાય છે પરસેવો જેના કારણે પ્રજામાં ચામડીના રોગમાં એકાએક ઉછાળો આવ્યો છે.

વેપારમાં મુશ્કેલી : ઉત્તર ગુજરાતમાં હોલમાર્ક કાયદા સામે ઝવેરીઓમાં રોષ

પાંચ જિલ્લાના ૨૦૦૦થી વધુ ઝવેરીઓને અસરની સંભાવના

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૬

કેન્દ્ર સરકારે ૧૫ મી જૂનથી ગોલ્ડ હોલમાર્ક કીંગનો નિયમ લાગુ કરતાં હોલમાર્ક વગર સોનાના વેચાણ ઉપર પ્રતિબંધ આવ્યો છે. ઉત્તર ગુજરાતમાં હોલમાર્ક કાયદો લાગુ થતાંની સાથે જ ઝવેરીઓમાં રોષ જોવા મળી રહ્યો છે. ઝવેરીઓએ હવે નાના-મોટા તમામ દાગીનાના ફોટા પાડી વજન સહિતની માહિતી બી.આઈ.એસ. કરીને ઓનલાઈન આપવી પડે તેમ હોવાથી ૫ જિલ્લાના ૨૦૦૦થી વધુ ઝવેરીઓને અસર થવાની સંભાવના છે. સરકારના કાયદાથી ઝવેરીનો વ્યવસાયને માઠી અસર થવાની ભીતી ઉભી થતાં આ મુદ્દે વિરોધ-વંટોળ શરૂ થવાની આશંકા છે.

ગોલ્ડ હોલમાર્ક કિંગનો નિયમ અમલમાં આવતાં ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા, બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં સોના-ચાંદીના વ્યવસાય સાથે જોડાયેલા ૨૦૦૦થી વધુ ઝવેરીઓને અસર થઈ શકે છે. જો કે લાયસન્સ ધરાવતા ઝવેરીઓ શુદ્ધ નિયત કેરેટ સાથે સોનાનું વેચાણ કરતા હોવાની સાથે નાના વ્યવસાયીકો જ કેટલાક કિસ્સામાં માર્કા વગરના સોનાના ઘરેણા વેચતા હોવાનું ચર્ચાય છે ત્યારે સરકારે હવે માર્કા વગર સોનાનું વેચાણ કરતા દુકાનદારો સામે પોલીસ કાર્યવાહી કરી ૧ વર્ષની કેદની સજાની જોગવાઈ કરતાં ઝવેરીઓમાં હોલમાર્ક સામે નારાજગી જોવા મળી રહી છે. નવા કાયદાની જોગવાઈમાં ઘરેણાંનું વેચાણ કરતા અને હોલમાર્ક સેન્ટરોની પણ માઠી દશા થાય તેવી દહેશત સાથે ઝવેરીઓને અમલદારશાહીનો ભય સતાવી રહ્યો છે. વધુ એક સરકારી ખાતા સામે ઝવેરીઓએ જજૂમવું પડશે તેવું લાગતાં કેટલાક ઝવેરી સંગઠનો દ્વારા આ મુદ્દે વિરોધનો સૂર ઉઠ્યો છે. હોલમાર્ક વિનાના સોનાનું વેચાણ કરનારાઓ સામે આકરા પગલાંની કાયદામાં જોગવાઈ કરવામાં આવી છે તેની સાથે જ્વેલર્સ કે દુકાનદાર દ્વારા જેટલા વજનના સોનાનું વેચાણ કરાયું હશે તેની પાંચ ગણી કિંમત વસુલ કરવામાં આવશે. જ્યારે તંત્રએ લાગુ કરેલા નિયમ પૂર્વે સોનું ખરીદનાર કે ઘરમાં ઉંચા તોલાના વજનમાં હોલમાર્ક વગરનું સોનું કે આભૂષણો ધરાવતા પ્રજાજનોની પણ આ મુદ્દે સ્વાભાવિક ચિંતા વધી છે તો બીજી તરફ શુદ્ધ સોનું ખરીદવાનો આગ્રહ રાખનાર ગ્રાહકોને ૧૦૦ ટચનું શુદ્ધ સોનું મળશે તેવી પણ આશા જાગી છે. ટૂંકમાં સરકારે ઝવેરીઓ ઉપર કાયદાનો સકંજો કસતાંની સાથે જ મંગળવારથી હોલમાર્ક વિનાના સોનાના વેચાણ ઉપર પાબંધી આવી જતાં ઝવેરીઓ સલવાયા છે.

પ્રાંતિજ તાલુકા પંચાયત ખાતે સામાન્ય સભા બેઠક યોજાઈ

પ્રાંતિજ તા.૧૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકા પંચાયત કચેરી ખાતે સામાન્ય સભા યોજાઈ હતી જેમા પ્રાંતિજ સિવિલ ખાતે ઓક્સિજન પ્લાન્ટ માટે ૨૦ લાખ રૂપિયા સર્વાનુમતે ફાળવવામા આવ્યા.

પ્રાંતિજ તાલુકા પંચાયત ખાતે તાલુકા પ્રમુખ વર્ષાબેન દિલીપસિંહ મકવાણા ના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ હતી જેમા કારોબારી અધ્યક્ષ કે.પી.પટેલ , તાલુકા વિકાસ અધિકારી નીતીનભાઈ પટેલ , તાલુકા વિકાસ અધિકારી એ.એચ.સોલંકી, સીડીપીઓ સહિત તાલુકા સદસ્યો ઉપસ્થિત રહ્યા તો સામાન્ય સભા મા વિવિધ કામો અંગેની ચર્ચાઓ કરવામા આવી હતી તો પંદર મા નાણાપંચ માંથી ફાળવેલ રકમમાંથી પ્રાંતિજ સિવિલ ખાતે ઓક્સિજન પ્લાન્ટ માટે ૨૦ લાખ રૂપિયા સર્વાનુમતે મંજુર કરવામા આવ્યા હતા.

અરવલ્લી જિલ્લા ભાજપ મીડીયા સેલની બેઠક : સરકાર અને સંગઠનની ભૂમિકાને છેવાડા સુધી પહોંચાડવા હાકલ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૬

ગુજરાત પ્રદેશ ભાજપ મીડીયા સેલ દ્વારા તમામ ઝોનનો પ્રવાસ શરૂ થયો છે. અરવલ્લી જિલ્લા ભાજપ મીડીયા સેલની બેઠક બુધવારે મોડાસા ખાતે યોજાઈ ગઈ. પ્રદેશ સહપ્રવક્તા કિશોરભાઈ મકવાણાની ઉપસ્થિતિમાં યોજાયેલ મીડીયા સેલની બેઠકમાં સરકાર અને સંગઠનની ભૂમિકાને છેવાડા સુધી પહોંચાડવા મીડીયાસેલના જિલ્લા અને તાલુકાના કન્વિનરોને ઉંડાણપૂર્વક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

દાયકાઓથી મીડીયાની સકારાત્મક ભૂમિકા રહી છે. આજે પણ પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડીયા મારફતે શહેરથી માંડી ગામડાંની પ્રજા સરકારની કામગીરી, સરકાર દ્વારા શરૂ કરાતી લોક કલ્યાણ યોજનાઓની જાણકારી મેળવે છે. કેન્દ્ર અને રાજ્યની ભાજપ સરકારે અનેક લોકકલ્યાણના

કાર્યો હાથ ધર્યા છે. તાજેતરમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપના લોકકલ્યાણના કાર્યોને અરવલ્લી જિલ્લા પંચાયત, તમામ ૬ તાલુકા પંચાયત અને મોડાસા-બાયડ નગરપાલિકામાં ભાજપનો ભગવો લહેરાયો હતો. જેમાં ભાજપના આગેવાનો, કાર્યકરો સહિત ભાજપ મીડીયા સેલનો પણ સિંહફાળો રહ્યો છે ત્યારે વર્ષ-૨૦૨૨માં યોજાનારી વિધાનસભા ચૂંટણી સુધીમાં સરકાર અને સંગઠનની ભૂમિકા છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટે ઉપસ્થિત ઉત્તર ગુજરાત ઝોનના સહપ્રવકતા કિશોરભાઈ મકવાણાએ સર્વ મીડીયા કર્મીઓને અપીલ કરવાની સાથે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું.

મીડીયા સેલની બેઠકમાં ઉત્તર ઝોન મીડીયાસેલ કન્વિનર રેખાબેન ચૌધરી, સહકન્વિનર રાજુભાઈ ભટ્ટ, અરવલ્લી જિલ્લા ભાજપ મીડીયા સેલના કન્વિનર પ્રભુદાસભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. મીડીયા સેલની બેઠકના આરંભે જિલ્લા મીડીયા સેલના કન્વિનરે સૌને ઉષ્માભેર આવકાર્યા હતા. તમામ જિલ્લાના ભાજપ મીડીયાસેલના કન્વિનરો હાજર રહ્યા હતા.

દિગંબર સાધુના રૂપમાં ઠગ : વડાલીમાં નાગાબાવાના દર્શનમાં એક્ટિવા ચાલકે સોનાની ચેન ગુમાવી

ચરણ સ્પર્શ કરવાનું કહી ૯૦ હજારની ચેન આંચકી, ૬ મહિના પછી ગુનો નોંધાયો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૬

દિગંબર સાધુના રૂપમાં ફરતા ઠગોએ માયાજાળ બિછાવી છે. વડાલી તાલુકાના ધામડી ગામના શંકરભાઈ નાથાભાઈ પટેલ એક્ટિવા લઈ વડાલીની એશિયન ઈન્સ્ટીટયુટ કોલેજ પાસેથી પસાર થતા હતા જે સમયે કારમાં બેઠેલ નાગાબાવાથી પ્રભાવિત થઈ ચરણસ્પર્શ કરવા જતાં રૂા.૯૦ હજારની કિંમતની ૩ તોલાની સોનાની ચેન ગુમાવવાનો વારો આવ્યો છે. અહીં ગેસ્ટહાઉસ ક્યાં આવ્યું..?? નાગાબાવા હિતુ કનોડીયાના ગુરૂ છે તેમ કહી ચરણસ્પર્શનું નાટક કરનાર દિગંબર સાધુઓને અન્ય કારચાલક સોનાની ચેન આંચકી ફરાર થઈ ગયાની ઘટના ૬ મહિના પછી વડાલી પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.

જિલ્લામાં ઠગોની મોહમાયા ભરી જાળમાં અનેક લોકો ફસાઈ રહ્યા છે. ઠગ ટોળકી સક્રીય થતાં હવે દિગંબર સાધુના રૂપ ધારણ કરી શ્રદ્ધાળુઓને નિશાન બનાવ્યા છે. ગત તા.૯-૧-૨૦૨૧ના રોજ તાલુકાના ધામડી ગામના શંકરભાઈ પટેલ એક્ટિવા લઈને વડાલીમાંથી પસાર થતા હતા જે સમયે નંબર વગરની કાર લઈને બે ઈસમોએ એક્ટિવાની ઓવરટેક કરી થોભાવ્યું હતું જેમાં વડાલીમાં ગેસ્ટહાઉસ ક્યાં આવ્યું તેવી પૂછપરછ પછી કારના ડ્રાઈવરે કહેલ કે આ સાધુ હિતુ કનોડીયાના ગુરૂ છે અને તમે ચરણસ્પર્શ કરો તો કલ્યાણ થઈ જશે તેમ કહેતાં એક્ટિવા ચાલક સાધુના વેશમાં બેઠેલા ઈસમના ચરણસ્પર્શ કરવા જતાં ગળામાંથી સોનાનો દોરો પળવારમાં ખેંચી કારમાં બેઠેલા ધૂતારા ફરાર થઈ ગયા હતા. જેતે સમયે દિગંબર અવસ્થામાં સાધુના દર્શન કરવામાં સોનાની ચેન ગુમાવી હોવાથી રખે ને કોઈની લાગણી દુભાય તેવા અંદેશા સાથે એક્ટિવા ચાલકે ફરિયાદ આપવાનું ટાળ્યું હતું પરંતુ કારમાં દર્શનના બહાને દિગંબર સાધુ કળા કરી ગયાનું જણાતાં આખરે પોલીસ ફરિયાદ આપી છે.

એક્ટિવા ચાલકનો દોરો ખેંચી લેવામાં હિતુ કનોડીયાનું નામ આગળ ધર્યું

વડાલીના ધામડી ગામના એક્ટિવા ચાલકના ગળામાંથી સોનાનો દોરો ખૂંચવી દિગંબર સાધુ અને તેનો સાગરીત ફરાર થયાની ઘટના પ્રકાશમાં આવી છે. ધૂતારાઓએ શિકાર બનાવતાં અગાઉ નાગા સાધુ ધારાસભ્ય હિતુ કનોડીયાના ગુરૂ હોવાનું કહી પ્રભાવ પાડ્યો હતો જેથી પ્રભાવિત થયેલા એક્ટિવા ચાલકે જેવા ચરણ સ્પર્શ કરવાનો પ્રયાસ કર્યો કે તૂરંત સોનાનો દોરો ખેંચી લેવામાં આવ્યો હતો.

કોરોનાની ત્રીજી લહેર : ઉત્તર ગુજરાતમાં બાળકને સતત ૪ દિવસ સુધી તાવ આવે તો વૃદ્ધોથી દૂર રાખો

કેન્દ્ર સરકારની નવી ગાઈડલાઈન, બીજી લહેરના સંભવિત અંત સાથે પ્રજા લાપરવાહ બની છે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૬

ત્રીજી લહેર ભયાનક હશે, ગુજરાત સરકારે ત્રીજી લહેર માટે યુદ્ધના ધોરણે તૈયારીઓ કરી છે તે જોતાં પ્રજાએ સાવધ થવાની જરૂર છે. સાબરકાંઠા, અરવલ્લી સહિત ઉત્તર ગુજરાતના અનેક વિસ્તારોમાં લગ્ન સહિત શુભપ્રસંગોમાં જનમેદની એકત્ર થઈ રહી છે અને લાપરવાહ પ્રજા માટે ત્રીજી લહેર વધુ પ્રાણઘાતક બનવાની આશંકા વચ્ચે કેન્દ્ર સરકારે નવી ગાઈડલાઈન જાહેર કરી છે જેમાં બાળકને સતત ૪ દિવસ સુધી તાવ આવે તો વૃદ્ધોથી દૂર રાખવા પરિવારને સલાહ આપવામાં આવી છે. તાવ આવ્યા પછી બાળક ભોજન બાબતે વારંવાર અનિચ્છા વ્યક્ત કરે તો પણ વિના વિલંબે દાક્તરી તપાસ કરવા જણાવ્યું છે.

તા.૭ જૂનથી પ્રથમ નવા શૈક્ષણિક સત્રનો વિદ્યાર્થીઓની અનઉપસ્થિતિમાં પ્રારંભ થયો. ઓનલાઈન શિક્ષણ શરૂ થયું છે. વિદ્યાર્થીઓની હાજરી વગર ૧૦૦ ટકા કર્મચારીઓની હાજરીથી શૈક્ષણિક સંકુલો ખૂલ્યાં ત્યારથી જ સંભાવના હતી કે જુલાઈ-ઑગષ્ટમાં કોરોનાની ત્રીજી લહેર આવશે અને તે તબાહી મચાવશે. કેન્દ્ર સરકારે પણ ત્રીજી લહેરમાં બાળકો વધુ અસરગ્રસ્ત બને તેવા વૈજ્ઞાનિકોના તારણ પછી તમામ રાજ્યોને ત્રીજી લહેર માટે તમામ તૈયારીઓ કરવા જણાવ્યું છે.

ગુજરાત સરકારે પણ તમામ જિલ્લાઓમાં આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓને દોડાવી ઓક્સિજનની સવલત, ઓક્સિજન સહિતના બેડ, કોવિડ હોસ્પિટલમાં કેટલા બેડની ઉપલબ્ધી છે..?? તેની તમામ વિગતો એકત્ર કરી છે ત્યારે નિષ્ણાતોએ ત્રીજી લહેરની આશંકા વ્યક્ત કર્યા પછી કેન્દ્રના આરોગ્ય મંત્રાલય દ્વારા દરેક માતા-પિતાને સલાહ આપી છે કે તમારૂ બાળક સતત ૪ દિવસ સુધી તાવ આવતો હોય તો ઘરમાંના વૃદ્ધના સંપર્કથી દૂર રાખો. ભોજન લેતો ન હોય તો પણ ડૉક્ટરનો સંપર્ક કરવો. કારણ કે કોઈપણ પ્રકારના કોરોના લક્ષણ વગર પણ બાળકો કોરોના સંક્રમિત થઈ શકે છે. બાળકોમાં ઓક્સિજન લેવલ ૯૫ ટકા કે તેથી ઓછું હોય તો જરૂર ચિંતા કરવી અને ડૉક્ટરની સલાહ લેવી. જે રીતે કેન્દ્ર સરકારે ત્રીજી લહેર માટે રાજ્યોને સૂચના આપવાની સાથે દરેક જિલ્લાઓમાં વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગને સજાગ કર્યું છે તે જોઈને પણ પ્રજાએ ગંભીર થવું પડશે. સાબરકાંઠા, અરવલ્લીમાં બીજી લહેરમાં ૨૦૦ થી વધુ બાળકો કોરોનાથી સંક્રમિત થયા હતા પરંતુ સદનસીબે કોઈનું પણ મોત નોંધાયું નથી.

દાદા સાથે ભેંસોને પાણી પીવડાવવા ગયેલા ત્રણ બાળક તળાવમાં ડૂબ્યાં, બેનાં મૃત્યુ

પાટણ,તા.૧૬

પાટણ જિલ્લાના સંખારી ગામ ખાતે એક સાથે ત્રણ બાળકો તળાવમાં ડૂબ્યાનો બનાવ બનવા પામ્યો છે. જેમાંથી એક બાળકને બચાવી લેવાયું હતું જ્યારે બે બાળકોનાં પાણીમાં ડૂબી જવાથી મૃત્યુ થયા છે. મળતી માહિતી પ્રમાણે ત્રણેય બાળકો દાદા સાથે ભેંસોને પાણી પીવડાવવા માટે તળાવમાં ગયા હતા. આ દરમિયાન બાળકો પાણીમાં ડૂબી ગયા હતા. એક પરિવારમાંથી બે માસૂમ ભાઈ-બહેનના મોતથી પરિવાર માથે જાણે આભ ફાટી નીકળ્યું હોય તેવો માહોલ સર્જાયો હતો.

સંખારી ગામ ખાતે રહેતા કુરાજી ઠાકોર નામના વૃદ્ધ પોતાની ભેંસોને બપોરના સમયે ગામના તળાવ ખાતે પાણી પીવડાવવા માટે ગયા હતા. આ દરમિયાન તેમની સાથે તેમનો એક પૌત્ર અને પૌત્રી અને ભાણેજ હતા. મળતી માહિતી પ્રમાણે કુરાજી ભેંસોના પાણી પીવડાવી રહ્યા હતા ત્યારે કોઈ કારણસર તેમનો પૌત્ર અને પૌત્રી તળાવમાં ડૂબવા લાગ્યા હતા.

આ દ્રશ્ય જોઈને કુરાજીના ભાણીયો પણ તળાવમાં બંને બાળકોને બચાવવા કૂદ્યો હતો. દરમિયાન કુરાજીની નજર પડતા તેમણે બૂમાબૂમ કરી મૂકી હતી. જે બાદમાં આસપાસના લોકો દોડી આવ્યા હતા અને એક બાળકને બચાવો લીધો હતો. જ્યારે કુરાજીના પૌત્ર અને પૌત્રી ઊંડા પાણીમાં ગરક થઈ ગયા હોવાથી તેમને બચાવી શકાયા ન હતા.

અશ્રુભીની શ્રદ્ધાંજલિ

અ.નિ. કૌશલેન્દ્રકુમાર ભરતભાઈ પટેલ
સ્વ. તા. ૫/૬/૨૦૨૧ ● બાયડ, જી. અરવલ્લી

સમય જીંદગીનો ઓછો હશે તે ક્યાં ખબર હતી,
વિદાય આટલી અણધારી હશે તે ક્યાં ખબર હતી...
રડી પડે છે આજે આંખો અમારી, જોઈને પ્રેમાળ તસવીર તમારી
ઈશ્વર આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રભુ પ્રાર્થના

શોકાતુર
પટેલ વિરેન્દ્રકુમાર જશુભાઈ
પટેલ મેઘાબેન વિરેન્દ્રકુમાર
પટેલ રાજવીર વિરેન્દ્રકુમાર
પટેલ કંદર્પ અશોકભાઈ
પટેલ રિદ્ધિબેન કંદર્પકુમાર
પટેલ મિષ્કા કંદર્પકુમાર
બાયડ, જી. અરવલ્લી, રડોદરા, તા. બાયડ

સાબરકાંઠા, અરવલ્લીના શહેરી વિસ્તારોમાં સેફટી સાધનો વગર થતાં ગટર સફાઈના કામ

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના શહેરી વિસ્તારોમાં ચોમાસા પૂર્વે ગટરલાઈનની સાફસફાઈના કામો શરૂ કરવામાં આવ્યાં છે પરંતુ કામ કરનારા શ્રમજીવીઓની સુરક્ષા કોન્ટ્રાક્ટરો દ્વારા નેવે મૂકવામાં આવી છે. પાલિકા વિસ્તારોમાં ગટર સફાઈનો કોન્ટ્રાક્ટ કરોડોના ખર્ચે કોન્ટ્રાક્ટરોને આપી દેવામાં આવ્યો છે પરંતુ કામદારો પાસે જીવના જોખમે કામગીરી કરાવવામાં આવતી હોવાના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. ગટર, વરસાદી કાંસ સહિતની કામગીરીમાં કોઈપણ પ્રકારના સુરક્ષા સાધનો આપવામાં આવ્યા ન હોવાના આક્ષેપ શરૂ થયા છે.

દર વર્ષે ચોમાસા દરમ્યાન શહેરી વિસ્તારોમાં ગટરો ઉભરાવવાથી અનેક સોસાયટી વિસ્તારો જળતરબોડ થઈ જતા હોય છે. પાલિકા તંત્ર દ્વારા ચોમાસા અગાઉ ગટર સફાઈના કામ કરવા માટે કોન્ટ્રાક્ટ પદ્ધતિથી કામ સોંપી દેવાતું હોય છે પરંતુ ગટર સફાઈનું કામ કરનારા કામદારોની સુરક્ષાને નજર અંદાજ કરવામાં આવતી હોય છે. વાહનોની અવર જવરથી ધમધમતા રોડ નજીક જોખમી રીતે ગટર તેમજ ડ્રેનેજ લાઈનના સફાઈ કામો થતાં હોવાથી કામદારોના માથે દેખીતું જોખમ ઝડુંબી રહ્યું છે. જ્યારે સેફ્ટી હેલ્મેટ, હેન્ડગ્લોઝ, સેફ્ટી બુટ, દોરડા જેવા સાધનોના અભાવ વચ્ચે બંન્ને જિલ્લાના શહેરી વિસ્તારોમાં ગટર સફાઈના કામો જોખમી રીતે થઈ રહ્યાં છે. કેટલાક વિસ્તારોમાં તો સુરક્ષા માટે કોઈ કોર્ડન વ્યવસ્થા ગોઠવવામાં આવતી ન હોવાથી આવા સમયે જો કોઈ વાહન પૂરઝડપે પસાર થાય અને વાહન ચાલક કંટ્રોલ ગુમાવે તો શ્રમજીવીઓનો કડૂસલો નિકળી જાય તેવી ભીતી દેખાઈ રહી છે. કોન્ટ્રાક્ટરો દ્વારા દર વર્ષે આ પ્રકારે કામદારો પાસે જીવ જોખમમાં મૂકાવીને ગટર સહિતના સફાઈ કામો કરાવાતા હોય છે ત્યારે કોન્ટ્રાક્ટ એજન્સીઓ કેમ સફાઈ કર્મીઓના જીવ સાથે અગનખેલ ખેલે છે તે જાગૃત નાગરિકોને સમજાતું નથી. સુરક્ષા માટેના સાધનો ખરીદવા માટે કેમ રસ કોઈ દાખવતું નથી..?? વગેરે સવાલો ચર્ચાનો વિષય બન્યા છે.